**ORDER** **CC**– 130407–26

**GJVD**021413352026

**–::હુકમ::–**

ફરીયાદમાં જણાવેલ ગુન્હા અંગે કેસ રજીસ્ટર કર્યો. આરોપી હાજર હોઈ જેથી સમન્સ કાઢવામાં આવતો નથી.

તા. ૨૭/૦૮/૨૦૨૬ **(બી.યુ.તરક)**
સ્થળ: વડોદરા જ્યુડી.મેજી.ફર્સ્ટ કલાસ, (ટ્રાફિક કોર્ટ)
**કોડ નં. જીજે૦૧૫૩૩**

**–::કબુલાત::–**

**સવાલ :** ગુન્હાનો ભાવાર્થ વાંચી સંભળાવી સમજાવતા તમોને ગુન્હો કબુલ મંજુર છે? તમોને દંડ અને સજા જણાવવામાં આવેલ છે ?

**જવાબ:** હાજી,સાહેબ.

------------------

**આરોપીની સહી**

આરોપી ધ્વારા પ્રથમ વખતનો ગુનો હોઈ, આર્થિક પરિસ્થિતિ ધ્યાને લઈ ઓછોમાં ઓછો દંડ કરવા અરજ ગુજારેલ છે. આરોપી ધ્વારા લાયસન્સ, વાહનના દસ્તાવેજો, પી.યુ.સી., વિમાની નકલ વિગેરે રજુ છે / નથી.

તા. ૨૭/૦૮/૨૦૨૬ **(બી.યુ.તરક)**
સ્થળ: વડોદરા જ્યુડી.મેજી.ફર્સ્ટ કલાસ, (ટ્રાફિક કોર્ટ)
**કોડ નં. જીજે૦૧૫૩૩**

**// આંક–૧ લગત હુકમ //**

અરજી વંચાણે લીધી, સાંભળ્યા, આ કામનો કેસ હાલના આરોપી સામે ફરીયાદીએ મોટર વ્હીકલ એકટની જોગવાઈના ભંગ બદલ દાખલ કરેલ છે.આરોપી સામે કેસ દાખલ થતાં સ્વેચ્છાએ કોર્ટમાં હાજર થયેલ છે. આરોપીની પ્લી રેકર્ડ કરતા બિનશરતી રીતે પોતે ગુનો કબુલ કરતાં હોવાનું જણાવેલ છે તથા જણાવે છે કે, ભવિષ્યમાં આવો ગુનો નહી કરે તથા આ પોતાનો પ્રથમ ગુનો છે તથા પોતે સામાન્ય વર્ગની વ્યક્તિ છે અને પોતાની રોજગારી માટે વાહન લઈ જવું ચલાવવું જરૂરી હતું તે દરમયાન અજ્ઞાનતા અને શરતચુકથી જોગવાઈનો ભંગ થયેલ છે. પોતાને અગાઉ કોઈ ગુનામાં સજા થયેલ નથી કે આવો કોઈ ગુનો કરેલ નથી. પોતાની ઉપર કુંટુંબની જવાબદારી છે. ગુના બદલ પોતાને પસ્તાવો થાય છે તથા ભયની લાગણી અનુભવે છે. પોતાને ભુલ સમજાઈ ગઈ છે. પોલીસે તેનું વાહન ડીટેઈન કર્યુ ત્યારથી તેની કસ્ટડીમાં છે તે દરમયાન પોતે રોજગારી ગુમાવેલ છે. ભવિષ્યમાં આવી ભુલ નહી કરે અને ટ્રાફિકના કાયદાનું પણ પાલન કરશે તેની ખાત્રી આપે છે. વધુમાં જણાવેલ છે કે, આ સંજોગોમાં પોતાને માફ કરવામાં આવે અને કોઈ સજા કે દંડ નહી કરતાં સુધરવા તક આપવામાં આવે છે.

આરોપીની રજુઆત સાંભળી કેસ હકીકત ધ્યાને લીધી આરોપીએ મોટર વ્હીકલ એકટની જે જોગવાઈ ભંગ કરેલ છે તે ધ્યાને લીધી. તાજેતરમાં કેન્દ્ર સરકારે મોટર વ્હીકલ એકટમાં ઘણા બધા સુધારા કરી દંડની રકમમાં વધારો કરેલ છે અને તેની પાછળનું કારણ લોકો ટ્રાફિકના નિયમો અને કાયદાની જોગવાઈને અનુસરે તે છે. આ ઉપરાંત ત્યાર બાદ ગુજરાત સરકારે તેના અધિકારો વાપરી ગુજરાતના લોકોની આર્થિક સ્થિતિ તથા સામાજીક અને ભૌગોલિક પરિસ્થિતિ તેમજ કાયદાકીય બાબતોની જાણકારી વિગેરે ધ્યાનમાં રાખી જે ગુના માંડવાળ થવા પાત્ર હતા તેવી માંડવાળની રકમ નકકી કરેલ છે. જે રકમો તથા મુળ કાયદાકીય દંડની રકમ વચ્ચેનો તફાવત જોઈએ તો પણ તે બાબત સ્પષ્ટ

**ORDER** **CC**– 130407–26

થાય છે કે, ગુજરાત સરકારે લોકોની આર્થિક પરિસ્થિતિ વિગેરે ધ્યાન લઈ, લોકોમાં કાયદાનો અભિગમ વધે અને માંડવાળની રકમ ચુકવીને જાગૃતતા આવે તે રીતે દંડાત્મક ઉપરાંત સુધારાત્મક અભિગમથી પરિણામ આવે તેવા પ્રયત્ન કર્યાનું જણાય છે. આ સંજોગોમાં તે હકીકત પણ ધ્યાને લેવી જરૂરી છે. આરોપીએ ગુનો કબુલ કરતા દોષિત ઠરાવવામાં આવે છે. આ માટે તેને કેટલી સજા કરવી તેના નિર્ણય માટે આરોપીની રજુઆત, ગુનાનો પ્રકાર, સજાની જોગવાઈ, ગુજરાત સરકારે માંડવાળ માટે કરેલ જોગવાઈ તેમજ આરોપીની પરિસ્થિતિ ધ્યાને લેવી જોઈએ.આ હકીકત ધ્યાને લેતાં આરોપી સામેના ગુનાનો આરોપી, આર્થિક વ્યવહારો બાબતે કે સામાજીક કે નૈતિક અધ:પતન અંગેનો ગુનો નથી, પરંતુ સમાજ વ્યવસ્થા અને લોકો તથા પોતાની સલામતી માટેના કાયદાની જોગવાઈનો ભંગ છે. આરોપીને પ્રોબેશન અંગે તક આપી સુધારાત્મક અભિગમ માટે વિચારી શકાય. પરંતુ તેમ કરવાથી મોટર વ્હીકલ એકટમાં કરેલ જોગવાઈનો અર્થ નહી રહે, સાથો સાથ આરોપીએ જે રજુઆત કરી છે તે જોતા તથા તેની સામેના ગુનાની હકીકત ધ્યાને રાખી, ગુજરાત સરકારશ્રીએ કરેલ માંડવાળની જોગવાઈ લક્ષમાં લેતાં, આ કામે લઘુતમ દંડની જોગવાઈ નથી ત્યારે આરોપીને મહત્તમ નહી પરંતુ વ્યાજબી દંડ કરવામાં આવે અને તે રીતે પોતાની ભુલનો અહેસાસ થાય અને ગુનાની સજા મળી રહે તેવો વ્યાજબી દંડ કરવામાં આવે તો સુધરવાની તક મળી રહેશે. આમ, તમામ સંજોગોમાં મહતમ જોગવાઈ કરતા ઓછો અને ન્યાયિક દંડ કરવો યોગ્ય જણાય છે.જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>//હુકમ//</u>**

આ કામના આરોપીને મોટર વ્હીકલ એકટની કલમ મુજબના ગુના અંગે દોષિત ઠરાવવામાં આવે છે. તથા તે તમામ ગુના અંગે આરોપીને કુલે રૂા **500** નો દંડ કરવામાં આવે છે.આરોપીએ દંડની રકમ ભરવામાંકસુર કર્યેથીદિન– ૦૭ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

હુકમ આજ **તા.૨૭ માહે: ઓગષ્ટ સને: ૨૦૨૬** ના રોજ ખુલ્લી કોર્ટમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા ૨૭ **/૦૮/૨૦૨૬.**

સ્થળ: વડોદરા

**(બી.યુ.તરક)**
જયુડી.મેજી.ફર્સ્ટ કલાસ, (ટ્રાફિક કોર્ટ)
**કોડ નં. જીજે ૦૧૫૩૩.**

Received Rs______________
Receipt No.______________
Date : 27/08/2026

Nazir
J.M.F.C, Traffic Court, Vadodara.